નર્મદાના નીરથી અરવલ્લી જિલ્લાના ૩ ડેમ અને ૫૧ તળાવ ભરવા પાણી ઠાલવવાની કામગીરીથી ખેડૂતોમાં આનંદ

મોડાસા, તા. ૨૦

હાલ ઓછા વરસાદને કારણે તળાવો ખાલી રહ્યા છે અને તેને લીધે પશુઓને પીવાના પાણીની તકલીફ પડી રહી છે અને ચોમાસુ ખેતી પર સંકટ મંડરાતા પ્રજાજનો અને ખેડૂતોની હાલત કફોડી બનતા ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા. ત્યારે રાજ્ય સરકાર દ્વારા નર્મદાના નીરથી જળાશયો અને કેનાલ મારફતે ગામડાના તળાવો ભરવાની જાહેરાતમાં અરવલ્લી જીલ્લાનો સમાવેશ થતા પાણી પુરવઠા વિભાગ દ્વારા જીલ્લાના માજુમ, વાત્રક અને મેશ્વો ડેમ સહીત ૫૧ તળાવો ભરવા એરલિફ્ટિંગની કામગીરી પમ્પીંગ સ્ટેશનોમાં શરુ થતા પાણીના નવા નીરની અવાક થતા પ્રજાજનો અને ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

અરવલ્લી જીલ્લામાં ચોમાસામાં ઓછા વરસાદથી મોટાભાગના તળાવો ખાલીખમ રહેતા અને કુવા અને બોરના પાણીના સ્તર ઉંડા ઉતારતા પીવાના પાણી અને હજ્જારો હેક્ટર ચોમાસુ

વાવેતર નિષ્ફળ જવાની ભીતિ વચ્ચે નર્મદાના નીર પ્રજાજનો અને ભૂમિપુત્રો માટે આશીર્વાદરૂપ બની રહેશે.

બાલાશિનોર વાઘરોલીથી મેશ્વો ડેમ સુધી અંદાજિત ૧૧૭ કિમી લાંબી પાઈપલાઈનથી ઠાલવવાની કામગીરી હાથ ધરી હતી. મોડાસાના સાયરા અને બાયડના જાલમપુર ખાતે બનાવેલ પમ્પીંગ સ્ટેશનો કાર્યરત કરી પાણી ઠાલવવાની કામગીરી હાથ ધરી ત્રણ ડેમ અને ૫૧ તળાવોમાં થોડા સમયમાં પાણી ભરાતા હાલ પૂરતી પીવાના પાણીની તંગી હલ કરવાની કામગીરીથી ખુશીની લહેર ફેલાયી હતી. સાયરા પમ્પીંગ સ્ટેશનમાં નર્મદાના નીર આવતા પ્રજાજનો નીરનો પ્રવાહ જોવા અને કામગીરી નિહાળવા ઉમટ્યા હતા.

દેવીપૂજક સમાજનું ગૌરવ

તલોદ, તા. ૨૦

તલોદ તાલુકાના નિવૃત્ત મામલતદાર પ્રકાશભાઈ વી. દત્તની દિકરી ઉર્વિએ 'સંગીત વિશારદ'નું

બિરૂદ હાંસલ કરેલ છે. અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળ-મુંબઈ દ્વારા ઘોષિત થયેલા પરિણામમાં ઉર્વિ દત્તને ફર્સ્ટક્લાસ વિજેતા ઘોષિત કરવામાં આવેલ છે. આમ થતાં ઉર્વિ દત્તે સમગ્ર દેવીપૂજક સમાજને ઐતિહાસિક ગૌરવ પ્રદાન કરેલ છે.

પદયાત્રીઓની સુલભતા માટે સાબરકાંઠાનો કેટલોક રોડ વન-વે જાહેર કરાયો

હિંમતનગર, તા. ૨૦

અંબાજી ખાતે ભાદરવી પુનમના મેળાનો પ્રારંભ થઈ ચુક્યો છે ત્યારે અસંખ્ય માઈ ભક્ત અંબાજી દર્શન કરવા માટે જઈ રહ્યા છે ત્યારે આ પદયાત્રીઓને કોઈ મુશ્કેલીનો સામનો તથા અકસ્માતને કારણે જીવ ગુમાવવો ન પડે તે આશયથી બુધવારથી મેળો પૂર્ણ ના થાય ત્યાં સુધી ઈડરથી વિજયનગર ચાર ત્રણ રસ્તા સુધીના રોડને જિલ્લા કલેક્ટરે જાહેરનામુ બહાર પાડી વન-વે જાહેર કર્યો છે.

આ અંગે જિલ્લા પોલીસ વડાની કચેરીમાંથી મળતી માહિતી મુજબ બે દિવસ અગાઉ પ્રાંતિજના દલપુર નજીકથી અંબાજી જઈ રહેલા બે પદયાત્રીઓને નડેલા અકસ્માતને કારણે જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ત્યારે જિલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલીકે બુધવારે સાબરકાંઠાના હિંમતનગરથી અંબાજી જતા રોડના કેટલાંક વિસ્તારને પદયાત્રીઓની સલામતી માટે વન-વે જાહેર કરવા માટે કલેક્ટરને લેખિત રજુઆત કરવામાં આવી હતી.

ત્યારબાદ જિલ્લા કલેક્ટરે તરત જ જિલ્લા પોલીસ વડાની રજુઆતને ધ્યાને લઈ ઈડરથી વિજયનગર ત્રણ રસ્તા સુધીના રોડને વન-વે જાહેર કરવા માટે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને તેને અમલી બનાવી દીધો છે. જેના કારણે ઈડરથી અંબાજી તરફ જઈ રહેલા પદયાત્રીઓ તથા અન્ય દર્શનાર્થીઓ માટે તંત્રનો આ નિર્ણય ખુબજ આશીર્વાદરૂપ સાબિત થયો છે. જિલ્લા ફક્ત આટલા જ વિસ્તારને સ્પર્શતા સ્ટેટ હાઈવે પર ભૌગોલિક સ્થિતિને જોતા ઈડરના ભિલોડા ત્રણ રસ્તાથી રાણીતળાવ થઈને વિજયનગર ત્રણ રસ્તા સુધીના આ વિસ્તારમાં આવેલ વળાંક અને રોડના ઢાળને કારણે સામેથી આવતી વ્યક્તિ કે વાહન દેખાતુ ન હોવાને કારણે ક્યારેક નિર્દોષ વ્યક્તિને વિના વાંકે સહન કરવાનો વખત આવે છે.

ડીસાના લોધાવાસના ગણપતિનું વિશ્વેશ્વર ખાતે વિસર્જન

ગણેશ ચોથના દીવસે ડીસા શહેરમાં અનેક સંસ્થાઓ દ્વારા ગણેશજીની સ્થાપના કરાઈ હતી. ત્યારે ડીસાના લોધા સમાજ નવયુવક મિત્રમંડળ દ્વારા લોધવાસના હરિહર મહાદેવના મંદિરે પણ સૌ પ્રથમવાર ગણેશજીની સ્થાપના કરી સ્થાનિક ભાવિકોએ સાત દિવસ સુધી ગણપતીજીની પૂજા અર્ચના કર્યા બાદ ગતરોજ જળજીલણી એકાદશીના રોજ ભવ્ય શોભાયાત્રા યોજી લોધા યુવક મિત્ર મંડળ દ્વારા વિશ્વેશ્વર ખાતે સિદ્ધિ વિનાયકની મૂર્તિનું વિસર્જન કરાયું હતું. આ પ્રસંગે લોધા સમાજ મિત્ર મંડળના અગ્રણીઓ, કાર્યકરો તેમજ સ્થાનિક ભાવિકોએ મોટી સંખ્યામાં હાજર રહી 'ગણપતિ બાપા મોરિયા'ના નારા સાથે 'અગલે બરસ તું જલ્દી આ' તેવા સુર સાથે ગણપતિજીને ભાવભરી વિદાય આપી હતી.

સાબરકાંઠામાં સિઝનલ ફ્લુના પાંચ કેસ નોંધાયા

ત્રણ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર, અમદાવાદ ખસેડાયા

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લામાં અત્યારે ભાદરવો મધ્યાહને તપી રહ્યો છે ત્યારે બે દિવસમાં હિંમતનગર અને ઈડર તાલુકામાં સિઝનલ ફ્લુના પાંચ કેસ નોંધાવા પામ્યા હતા. જોકે તે પૈકી બે દર્દીઓને સારવાર સમયસર મળતા તેઓની તબિયતમાં સુધારો થતા તેમને બુધવારે હોસ્પિટલોમાંથી રજા આપી દેવામાં આવી હતી. જ્યારે બાકીના ત્રણ દર્દીઓને સારવાર માટે અમદાવાદ અને ગાંધીનગરની હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં ચાલી રહેલી બે ઋતુને કારણે લોકો વિવિધ રોગોમાં સપડાઈ રહ્યા છે ત્યારે હિંમતનગર સહીત જિલ્લાના વિવિધ મથકે ખાનગી અને સરકારી દવાખાનાઓમાં દર્દીઓનો ધસારો વધી રહ્યો છે. દરમ્યાન હિંમતનગર તાલુકાના આડાહાથરોલમાં એક મોટી ઉંમરના તથા હડીયોલમાં એક બાળક સહીત અન્ય એક જણ બિમારીમાં સપડાતા તેમણે સ્થાનિક ડોક્ટરો પાસે સારવાર લીધી હોવા છતા તબિયતમાં સુધારો ન આવતા હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં લવાયા હતા. જ્યાં તેમના લોહીના નમુના લઈ પૃથ્થકરણ માટે મોકલી અપાતા તેમનામાં સિઝનલ ફ્લુના લક્ષણ જણાતા વધુ સારવાર અપાઈ હતી.

ત્યારબાદ ત્રણ પૈકી બે દર્દીઓની તબિયતમાં આવેલા સુધાર બાદ તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી. તે જ પ્રમાણે ઈડર તાલુકાના શેરપુરમાં એક બાળક તથા બોલુન્દ્રામાં એક પુરૂષ પણ સિઝનલ ફ્લુનો ભોગ બનતા તેમને સારવાર માટે અમદાવાદ અને ગાંધીનગરની હોસ્પિટલમાં લઈ જવાયા બાદ સારવાર અપાતા તેમની તબિયત સુધારા પર હોવાનું આરોગ્ય વિભાગના તબીબનો દાવો છે. બીજી તરફ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પણ બુધવારે હિંમતનગરના ફીઝીશયન તબીબોની તાકીદની બેઠરક બોલાવાઈ હતી.

આ બેઠકમાં સિવિલના ડીન તથા આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે સિઝનલ ફ્લુના રોગ અંગે ચર્ચા કરાઈ હતી. ઉપરાંત જિલ્લાની વિવિધ સરકારી હોસ્પિટલોમાં સિઝનલ ફ્લુની દવાઓ પણ ઉપલબ્ધ હોવાનું જણાવાયુ હતુ. સાથોસાથ અત્યારે ચાલી રહેલા અંબાજી મેળામાં જઈ રહેલા પદયાત્રીઓમાં જાગૃતી આવે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના વિવિધ સ્થળે પોસ્ટરો અને બેનરો દ્વારા લોકોને સાવચેત કરાઈ રહ્યા છે.

દાદાના વિસામા ખાતે મેડીકલ કેમ્પનો પ્રારંભ

પગપાળા પદયાત્રીઓ માટે સ્ટેટ હાઈવેને જોડતાં ઉજેડીયા-તલોદ હાઈવે ઉપર વક્તાપુર પાસે ખેરોલ ગામનાં નાગર પરિવારના એન.એચ. રાવલ પરિવાર વતીથી રાવલ પ્રવિણચંદ્ર દ્વારા દાદાના વિસામો પદયાત્રીઓ માટે ભાદરવા સુદ-૬ થી સતત ૨૪ કલાકની સેવા અર્થે કાર્યરત કરવામાં આવ્યા છે. જે સેવા કેન્દ્ર ઉપર દિવસ-રાત હજારો પદયાત્રીઓ ચા-નાસ્તો, પ્રસાદીનો લ્હાવો લઈ તૃપ્ત થઈ રહ્યા છે. ત્યારે આ વિસામા કેન્દ્ર ઉપર આરોગ્ય વિભાગ દ્વારા તલોદ બ્લોક હેલ્થ ઓફિસર મુગટ, ખેરોલ સીએચસીના અધિકારી લેઉવા અને સેવા કેન્દ્રના સ્વયં સેવકોની ઉપસ્થિતિ વચ્ચે મેડીકલ કેમ્પનો દિપ પ્રાગટ્ય કરી પદયાત્રીઓની સેવા અર્થે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

બલોચપુરની સગીરાને ભગાડી જતા ફરીયાદ

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગર તાલુકાના બલોચપુર ગામની એક સગીરાને ગામનો જ એક યુવાન લલચાવી પટાવી તેણીને મંગળવારે ભગાડી જઈ લઈ જતા સગીરાના પિતાએ આ શખ્સ વિરૂદ્ધ બુધવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. આ અંગે બલોચપુરના રમેશજી મગાજી પરમારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ ગામના જ પ્રજ્ઞેશ લક્ષ્મણભાઈ રાવળ તેમની સગીર વયની દીકરી દક્ષાબેન (ઉં.વ. ૧૬)ને લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે વાલીપણામાંથી ભગાડી લઈ ગયો હતો. જેથી રમેશજી પરમારે પ્રજ્ઞેશ રાવળ વિરૂદ્ધ બુધવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ડીસામાં ગોપાલ સેના દ્વારા ગણેશ વિસર્જન

ગોપાલસેના રબારી સમાજ, ડીસા દ્વારા આયોજીત ૮ મા ગણપતી મહોત્સવની ગુરુવારે ભવ્ય વિસર્જન યાત્રા યોજાઈ હતી એ યાત્રાના પ્રસ્થાન વખતે પૂજ્ય ૧૦૦૮ કનીરામદાસ મહારાજ (દૂધરેજ ધામ), લાલજીભાઈ દેસાઈ (અધ્યક્ષ, રાષ્ટ્રીય સેવાદળ), મુકેશભાઈ ભરવાડ, ગોવાભાઈ રબારી, દિનેશદાન ગઢવી, શ્રીમતી પીનાબેન ઠાકોર, માલજીભાઈ, નરસિહભાઈ બાઈવાડા, બાબુલાલ પાનકુટા, ગફૂલભાઈ,અમિતભાઈ, ઠાકરશીભાઈ, ડૉ. યશ દેસાઈ, જીગરભાઈ, રાયકણજી ઠાકોર, સ્વરુપજી ઠાકોર, ડી. ડી. જાલેરા, રેવાભાઇ ગજનીપુર, દેવજીભાઈ, બાબુભાઈ તેમજ ગોપાલ સેનાના દરેક તાલુકાના નવ નિયુકત પ્રમુખો સહિત તમામ ટીમ સાથે હાજર રહ્યા હતા.

પોલીસ કોન્સ્ટેબલે જ વિદેશી દારૂની હેરાફેરીનો મુખ્ય બુટલેગર

ભિલોડા, તા. ૨૦

અમદાવાદ પોલીસ વિભાગમાં ફરજ બજાવતો પ્રભુદાસ સોમાભાઈ ડોડીયાર કર્મચારી ફરજ દરમિયાન કાયદાનું રક્ષણ કરવાના બદલે કાયદાનું ચીર હરણ કરતા અને રાજસ્થાન સહીત અન્ય રાજ્યોમાંથી મોટા પાયે વિદેશી દારૂ ગુજરાતમાં ઠાલવવામાં મહત્વની ભૂમિકા હોવાની અને પોલીસના બદલે બુટલેગર બની બેઠેલા પોલીસકર્મીની કાળી કરતૂતનો પર્દાફાશ થતા ફરજ મોકૂફ કરતા પોલીસકર્મી બેખોફ બની વિદેશી દારૂની તસ્કરીમાં જોતરાયો હતો. મોડાસા રૂરલ પોલીસે ૩ ઓગસ્ટ ૨૦૧૮માં ઝડપેલ ૯૫ હજાર દારૂના ગુન્હામાં પણ આ શખ્સ મુખ્ય સૂત્રધાર હોવાથી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં પણ ગુન્હો નોંધાતા પોલીસે ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા, ત્યારે રાજસ્થાન પોલીસે રતનપુર બોર્ડર નજીક દારૂ પીને છાકટા બની કાર હંકારતા શખ્સને દબોચતા પોલીસ સાથે હાથાપાઈ પર ઉતારી આવતા પોલીસે ધરપકડ કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ જેલના સળિયા પાછળ ધકેલી દેતા અને આગવી ઢબે પૂછપરછ કરતા ગુજરાત પોલીસતંત્રનો સસ્પેન્ડ કર્મચારી હોવાની માહિતી મળતા ભિલોડાનો વતની હોવાથી અરવલ્લી જિલ્લા પોલીસતંત્રને જાણ કરતા મોડાસા રૂરલ પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે આરોપીની કસ્ટડી લેવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાત રાજયમાં પોલીસતંત્રમાં કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓની મિલીભગતના પગલે કાયદાની અમલવારી કાગળ પર રહેવા પામે છે. રાજ્યના ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ પગલે અસામાજિક તત્વો બેફામ બન્યા છે. ખાખી વર્દીનો ખોફ ઓસરી રહ્યો છે વિદેશી દારૂની હેરાફેરીમાં ફરજ મુક્ત થયેલો ભિલોડાના પ્રભુભાઈ સોમાભાઈ ડોડીયાર (રહે, પહાડીયા) છેલ્લા કેટલાક સમયથી ગુજરાત રાજ્યમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવી આંતરરાજ્ય બુટલેગરો સાથે મળી સમયાંતરે વિદેશી દારૂ ઠાલવતો હતો અને પ્રોહીબીશનના ગુન્હામાં વોન્ટેડ સસ્પેન્ડ પોલીસને દારૂ પીને રાજસ્થાનના એરિયામાં બેફિકરાઈભરી રીતે કાર હંકારી છાકટો બનતા રાજસ્થાન પોલીસે ધરપકડ કરતા પોલીસને શરૂઆતમાં અવડે પાટે ચઢવવા જતા પોલીસે મનોવૈજ્ઞાનિક અને આગવી ઢબે પૂછપરછ કરતા સસ્પેન્ડ પોલીસ કર્મી પ્રભુ પોપટની જેમ કબુલી લેતા રાજસ્થાન પોલીસ પણ આરોપી પોલીસકર્મી હોવાની સાથે બુટલેગરની કામગીરી કરતો હોવાની સાથે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુન્હામાં વોન્ટેડ હોવાની માહિતી મળતા રાજસ્થાન પોલીસે અરવલ્લી જિલ્લા પોલીસતંત્રને જાણ કરતા મોડાસા રૂરલ પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે મેળવવા તજવીજ હાથ ધરી હતી.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર પ્રેરિત જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર (સાબરકાંઠા-અરવલ્લી) અને અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારી કચેરી અને અરવલ્લી તથા વેત્રવતી શાળા સંકુલ, મેઘરજ-માલપુર આયોજીત મા.અને ઉ.મા શાળાઓ માટેનું ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૮-૧૯ ખુલ્લો મુકાયો હતો. આ પ્રદર્શનમાં ૪૨ શાળાઓની ૬૨ કૃતિઓએ ભાગ લીધો હતો. આ પ્રદર્શન અંદાજે ૩૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ નિહાળશે અને બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શન ભાનુમતીબેન ઉપાધ્યાય (ઉપપ્રમુખ માલપુર તા. કેળવણી મંડળ) અને કે.પી. ટીટીસરા (ડાયેટ-ઈડર) દ્વારા ખુલ્લું મુકાયું હતું. પ્રદર્શનને સફળ બનાવવા નોડલ ઓફિસર સંજય જોશી, પ્રોગ્રામ કન્વીનર તરીકે પી.જે. પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રદર્શન નિહાળવા મંડળના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ઔદ્યોગિક એકમો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે ૧૯ એકમોને હવા અધિનિયમ ૧૯૮૧ની કલમ (૩૧)(અ) હેઠળ આદેશાત્મક નોટીસ આપવામાં આવી છે જ્યારે બે એકમોને પાણી અધિનિયમ ૧૯૭૨ હેઠળ આદેશાત્મક નોટીસ આપવામાં આવી છે. દરમ્યાન જિલ્લામાં અને શહેરમાં વધતા જતા પ્રદૂષણનો પ્રશ્ન રાજ્ય વિધાનસભા ગૃહમાં પહેલીવાર ચમક્યો છે. હવામાં પ્રદૂષણ ફેલાવતા એકમો સામે જે નોટીસ ફટકારવામાં આવી છે તેમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ લોકોમાં ઉઠવા પામી છે.

ઘટ છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દબાણોને પણ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા હંમેશા સામે આવી છે. જિલ્લામાં ચાલુ વર્ષે ૫૦ ટકા કરતાં પણ ઓછો વરસાદ થયો છે ત્યારે ગૌચરની જમીન કેટલી મહ્ત્વની સાબિત થાય છે પરંતુ તંત્ર દ્વારા ગૌચર નીમ કરવામાં જે ઉદાસીનતા દાખવી રહ્યું છે તે પશુપાલકો માટે પણ ચિંતાજનક બાબત બની ઉભરેલ છે.

કૃષિક્ષેત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે જિલ્લાના ૩૦૩ ગામોમાંથી ૨૬૩ ગામોમાં અપૂરતુ ગૌચર હોવાને કારણે ખેતરોમાં ભેલાણની સમસ્યા વિકરાળ બનીને ઉભરી છે પરંતુ તંત્ર દ્વારા કોઈ જ અસરકારક કામગીરી કરવામાં આવતી ન હોવાથી ખેડૂતો આજે પણ દુઃખી છે.

અકસ્માત સહાય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારે કરેલા નિર્ણયની જાહેરાત કરી હતી. જેમાં વારસદારના નિયમોમાં પણ મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. જો કે, કોંગ્રેસપક્ષે ભાજપ સરકારની આ જાહેરાતને લોલીપોપ સમાન ગણાવી હતી અને ખેડૂતોના મુદ્દે કોંગ્રેસ પક્ષ દ્વારા ચાલી રહેલા આંદોલનને લઈ આખરે દબાણ વધતાં સરકારને આ પ્રકારનો નિર્ણય લેવાની ફરજ પડી હોવાનો દાવો કર્યો હતો. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના મામલે લેવાયેલા બે મહત્વના નિર્ણય અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પત્રકાર પરિષદ યોજી આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. રાજ્ય સરકારે ખેડૂત અકસ્માત યોજનામાં મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, રાજયમાં ખેડૂત અકસ્માતની સહાયમાં એક લાખ રૂપિયા સુધીનો નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે અને તેથી હવેથી ખેડૂત અકસ્માત સહાયની રકમ બમણી કરાઇ છે. સાથે સાથે વીમો મંજૂર કરવાની પધ્ધતિ સરળ કરવામાં આવી છે. આ યોજના હેઠળ સરકારે ૨.૪૯ કરોડ લોકોને લાભ આપવામાં આવશે. ૭/૧૨માં નામ ના હોય તેવા ખેડૂતો અને તેમના પરિજનોને પણ સહાયતા મળશે. ખેડૂત અકસ્માતમાં સહાય બે લાખ રૂપિયાની કરાઇ છે, તો સાથે સાથે ખેડૂતને ગંભીર ઈજાના કિસ્સામાં રૂ. ૧ લાખની સહાય ચૂકવવામાંશે. ખેડૂતો અને તેમના પરિજનો સુધી યોજનાનો લાભ પહોંચી શકે તેવા ઉમદા આશયથખી વારસદારોના નિયમોમાં પણ મહત્વના ફેરફાર કરવામાં આવ્યાં છે. ખેડૂતોએ કોઈપણ પ્રિમિયમ ભરવાનું નથી. વીમાની રકમ મેળવવા પોસ્ટ મોર્ટમ ફરજિયાત રહેશે. ખેડૂત અકસ્માત સહાય યોજના પેટે હવે સરકાર ૭૦થી૮૦ કરોડ રૂપિયા પ્રીમિયમ તરીકે ભરશે. આ યોજના હેઠળ ૧.૭૫ કરોડ ખેડૂતો નોંધાયા છે. વીમો નાંખવાની પધ્ધતિમાં સરળીકરણ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારની આ જાહેરાતને પગલે રાજયના ખેડૂતઆલમમાં રાહતની લાગણી ફેલાઈ છે, રાજયના અંદાજે ૨.૪૯ કરોડ ખેડૂતોને સરકારની આ જાહેરાતનો લાભ મળશે તેવું મનાઈ રહ્યું છે. બીજીબાજુ, સરકારની આ જાહેરાતને કોંગ્રેસે લોલીપોપ અને છેતરામણી ગણાવી હતી. કોંગ્રેસ કટાક્ષ કર્યો હતો કે, સરકારની લોભામણી જાહેરાતનો લાભ લેવા માટે ખેડૂતોએ પહેલા મરવુ પડશે અને સરકારની હાલની કૃષિવિરોધી નીતિથી ત્રસ્ત ખેડૂતો ગુજરાતમાં આત્મહત્યા કરવા મજબૂર બન્યા છે તે વાસ્તવિકતા છે, ત્યારે ગુજરાતના ખેડૂતોને સરકારની મેલીમુરાદની બરોબર ખબર પડે છે અને તેથી તેઓ સહેજપણ ભરમાશે નહી. હાલમાં જ નીતિન પટેલે કહ્યું હતું કે, વિધાનસભાના ટૂંકા સત્ર બાદ ખેડૂત લક્ષી નિર્ણય લેવામાં આવશે.

આયુષ્યમાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાડવામાં આવશે. જે હેઠળ પ્રાતમિક, સેકન્ડરી અને ટર્શરી સારવાર માટે પેકેજ નિયત કરી પેકેજના દર મુજબ સારવાર પુરી પડાશે. રાજ્યભરની ૧૭૦૦થી વધુ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં આ યોજના હેઠળ સારવાર પ્રાપ્ત થશે. તમમ હોસ્પિટલોમાં પ્રધાનમંત્રી આયુષ્યમાન મિત્ર ઉપલબ્ધ થશે. જે લાભાર્થીને સારાર સમયે માર્ગદર્શન આપશે અને આ હોસ્પિટલોમાં આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હઠળ સારવાર અંગેનું બોર્ડ લગાવાશે. પટેલે ઉમેર્યું હતું કે, આ યોજના હેઠળ ૬૦ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર અને ૪૦ ટકા ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨માં હાથ ધરાયેલ સામાજિક આર્થિક સર્ક્ષણ મુજબ ગુજરાતમાં ૨.૨૫ કરોડ નાગરિકોને લાભ મળવાનો છે તેનો સંપૂર્ણ ડેટા તૈયાર થઇ ગયો છે. આ પરિવારના નાગરિકોને નાના તથા ગંભીર રોગ સામે સારવાર પુરી પડાશે. જેમાં ૫૦ હજાર સુધીના સારવારનો ખર્ચ વિમા કંપનીઓ દ્વારા હોસ્પિટલોને ચુકવાશે જે માટે રાજ્ય સરકાર દ્વારા વિમા કંપનીને ૧૬૧ કરોડ ચુકવાશે જ્યારે રૂપિયા ૫૦ હજારથી વધુ સારવારનો ખર્ચ થશે તો મા વાત્સલ્ય યોજના મુજબ હોસ્પિટલના બિલની ચકાસણી કરીને ચુકવાશે. આ સેવાઓ માટે કોઈપણ નાગરિકે એક પણ રૂપિયો રોકડ સ્વરુપે કોઈપણ હોસ્પિટલમાં ચુકવવાનો રહેશે નહીં.

નાની બચત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યાજદરોમાં સુધારા કરવામાં આવે છે. પાંચ વર્ષના ફિક્સ્ડ ડિપોઝિટની રકમ, વરિષ્ઠ નાગરિકો માટે બચત યોજનામાં વ્યાજદરોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. બચત જમા માટે વ્યાજદરને ચાર ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પીપીએફ અને એનએસસી પર વર્તમાન ૭.૬ ટકાની જગ્યાએ હવે ૮ ટકા વ્યાજદર રહેશે. નાણામંત્રાલય દ્વારા ૧૯મી સપ્ટેમ્બરના દિવસે જારી કરવામાં આવેલા સરક્યુલર મુજબ જુદી જુદી બચત યોજનાઓ માટે વ્યાજદરમાં ૩૦થી ૪૦ બેઝિક પોઈન્ટ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. એક વર્ષ, બે વર્ષીય, ત્રણ વર્ષીય ટાઈમ ડિપોઝિટ ઉપર વ્યાજદરોમાં ૩૦ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો છે. પોસ્ટ ઓફિસ સેવિંગ્સ એકાઉન્ટના બેલેન્સ પર વ્યાજદરમાં કોઈ વધારો કરવામાં આવ્યો હતો. આ વ્યાજદરને પહેલાના ચાર ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે. કિસાન વિકાસ પત્ર પર હવે ૭.૭ ટકાના દરે વ્યાજ મળશે. હવે તે ૧૧૨ સપ્તાહમાં પરિપક્વ થશે. સુકન્યા સમૃદ્ધિ ખાતાઓ માટે સુધારેલા વ્યાજદર ૮.૫ ટકા રહેશે. એકથી ત્રણ વર્ષની જમા અવધિ પર ૦.૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જુદી જુદી નાની બચત યોજનાઓ ઉપર વ્યાજદરો ૩૧મી ડિસેમ્બર ૨૦૧૮ના દિવસે પુરા થયેલા અને પહેલી ઓક્ટોબરથી શરૂ થઇ રહેલા ૨૦૧૮-૧૯ના નાણાંકીય વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં વધારો કરવામાં આવ્યો છે. નાણામંત્રાલય દ્વારા આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. સિનિયર સિટિઝન સેવિંગ્સ સ્કીમ પર વ્યાજદરમાં પણ વધારો કરવામાં આવ્યો છે. પાંચ વર્ષીય ટર્મ ડિપોઝિટ માટે વ્યાજદર ક્રમશઃ ૭.૮, ૭.૩ અને ૮.૭ ટકનો વધશે. બાળકીઓની બચત યોજના સુકન્યા સમૃદ્ધિ એકાઉન્ટમાં હવે ૮.૫ ટકાનો વ્યાજદર મળશે. હાલમાં જે વ્યાજદર મળે છે તેની સરખામણીમાં ૦.૪ ટકા વધારે વ્યાજદર મળશે. આવી જ રીતે એકથી ત્રણ વર્ષના ટર્મ ડિપોઝિટ ઉપર અગાઉની સરખામણીમાં ૦.૩ ટકાનો વધુ વ્યાજદર મળશે.

આક્રોશનું મોજુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સમગ્ર દેશમાં કોહરામની સ્થિતિ મચી ગઈ છે. આ બર્બર ઘટના મંગળવારના દિવસે રામગઢ સેક્ટરમાં થઇ હતી. સુરક્ષા દળોએ ૯૨ કિમી લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ અને ૭૪૦ કિલોમીટર લાંબી અંકુશરેખા પર હાઈએલર્ટની જાહેરાત કરી દીધી છે. કોંગ્રેસના પ્રવક્તા સુરજેવાલાએ કહ્યું છે કે, પહેલા હેમરાજ અને હવે નરેન્દ્રસિંહની હત્યા કરવામાં આવી છે. પાકિસ્તાને તેમની બર્બરતાપૂર્વક હત્યા કરી છે. સરકાર શું કરી રહી છે. મોદીના છપ્પન ઈંચની છાતી અને લાલ આંખ ક્યા ગઈ છે. એકના બદલે ૧૦ માથા લાવવાનું વચન શું થયું. સરકારને જવાનોની કોઈ પડી નથી. મોદી જવાનોની સુરક્ષા માટે કોઈ પગલા લઈ રહ્યા નથી. દેશ જવાબ ઈચ્છે છે. બીજી બાજુ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા મનિષ તિવારીએ કહ્યું છે કે, સરકારને કઠોર પગલા લેવા પડશે. પાકિસ્તાની પોલિસીની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, માત્ર નિવેદનબાજીથી કામ ચાલશે નહીં. વિપક્ષમાં રહીને સરકાર દ્વારા માત્ર પ્રહારો કરવામાં આવે છે. બીજી બાજુ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ટ્વિટ કરીને કહ્યું છે કે, છેલ્લે ક્યા સુધી ભારતના સૈનિકો ઉપર અત્યાચાર જારી રહેશે. ક્યાં સુધી ભારત પાકિસ્તાની સામે નિસહાય રહેશે. આખરે કઈ મજબૂરી વડાપ્રધાન સામે રહેલી છે. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે, હેડકોન્સ્ટેબલ નરેન્દ્રસિંહના શરીરમાં ત્રણ ગોળીઓના નિશાન મળી આવ્યા છે. ત્યારબાદ તેમનું ગળુ કાપીને હત્યા કરી દેવામાં આવી છે. તેમના મૃતદેહને જોઈને કહી શકાય છે કે, તેમને ખુબ પરેશાન કરીને હત્યા કરવામાં આવી હતી. નરેન્દ્રનો મૃતદેહ છ કલાક બાદ ભારત પાકિસ્તાન સરહદ નજીક મળી આવ્યો હતો.

ઈમરાન ખાને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંવાદ થયો હતો. એ સમયે રજૂ કરવામાં આવેલા સંયુકત નિવેદનમાં કહ્યું હતું કે બંને દેશોના વિદેશ સચિવ કેટલીય બાબતો પર વ્યાપક ચર્ચા માટે મીટિંગની સંભાવનાઓ અને શેડ્યુલ તૈયાર કરવા પર કામ કરશે. જે મુદ્દા પર ચર્ચા થવાની હતી, તેમાં શાંતિ અને સુરક્ષા, સીબીએમ, જમ્મુ-કાશ્મીર, સિયાચિન, સર ક્રીક, વુલર બેરાજ/તુલબુલ નેવિગેશન પ્રોજેક્ટ, આર્થિક અને વાણિજિયક સહયોગ, આતંકવાદ નિરોધી કદમ, નારકોટિક્સ કંટ્રોલ, માનવીય મુદ્દા, લોકોથી લોકોની વચ્ચે આદાન-પ્રદાન અને ધાર્મિક પર્યટન સહિત કેટલીય બાબતો સામેલ હતી. જોકે ભારતે પોતાનું વલણ સ્પષ્ટ કરતાં કહ્યું કે, આતંક અને મંત્રણા એક સાથે ન થઈ શકે.

લોહી નિકળવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યાત્રીઓના કાન અને નાકમાંથી લોહી નિકળવા લાગી ગયા હતા. જ્યારે બાકીના લોકોના માથામાં દુખાવાની શરૂઆત થઇ ગઇ હતી. વિમાનમાં કુલ ૧૬૬ યાત્રી મુસાફરી કરી રહ્યા હતા. આ બાબતે ધ્યાન દોરતા તરત જ વિમાનને મુંબઇ એરપોર્ટ પર ઉતારી લેવામાં આવ્યુ હતુ. અસરગ્રસ્ત વિમાની યાત્રીઓને એરપોર્ટ પર સારવાર આપવામાં આવી હતી. આ મામલામાં ઉડ્ડયન મહાનિર્દેશાલયનુ કહેવુ છે કે ઘટના સપાટી પર આવ્યા બાદ ક્રુ મેમ્બરને તરત જ ડ્યુટીથી દુર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મામલામાં તપાસનો આદેશ કરી દેવામાં આવ્યો છે. જેટ એરવેઝની પ્રતિષ્ઠાને આને કારણે મોટો ફટકો પડ્યો છે. કેટલાક વિમાની પ્રવાસીઓ તો આ ઘટનાની માહિતી મળ્યા બાદ ભારે નારાજ દેખાયા હતા. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટીગેશન દ્વારા પણ પોતાની રીતે તપાસ હાથ ધરાઈ છે.